# જાહેરાત

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત જુદી-જુદી કેડરમાં કોટેજ હોસ્પિટલ-ઉપલેટા ખાતે બાયો મેડિકલ એન્જીનીયર અને સ્ટાફ નર્સની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવે છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા:-૦૩/૦૧/૨૦૨૪ થી તા:-૧૩/૦૧/૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજીઓ http://aarogysathi.gujarat.gov.in લીંક પર કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા, ઉચ્ચક માસીક વેતન તથા અનુભવની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

**ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ:-**

(૧) ઉમેદવારની ફક્ત ઓનલાઈન http://aarogysathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. અરજી સાદી/કુરિયર/એ.ડી. ટપાલ કે રૂબરૂ સ્વીકારવામાં આવશે નહીં તેમજ માન્ય ગણાવામાં આવશે નહીં.

(૨) સુવાચ્ય અને સ્પષ્ટ દેખાય તે રીતે ઓરીઝનલ ડોક્યુમેન્ટ્સની સ્વપ્રમાણીત ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. સ્પષ્ટ ન વંચાય તેવા ડોક્યુમેન્ટ્સ અપલોડ કરેલા હશે તો તેવી અરજી રદ કરવામાં આવશે.

(૩) ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરી શકશે નહીં.

(૪) ક્રમ નં. ૦૧ અને ૦૨ મુજબની જગ્યાઓ માટે વયમર્યાદા ૪૦ વર્ષ સુધીની રહેશે.

| ક્રમ | પોસ્ટનું નામ | પ્રોગ્રામ | શૈક્ષણિક લાયકાત | માસીક વેતન |
|---|---|---|---|---|
| ૧ | બાયોમેડિકલ એન્જીનિયર (જગ્યા-૦૧) | એન. એચ. એમ. | <u>આવશ્યક લાયકાત:-</u> બાયોમેડિકલ એન્જીનિયરીંગમાં બેચલર ઓફ એન્જીનિયરીંગ અથવા બેચલર ઓફ ટેક્નોલૉજી<br><u>ન્યૂનતમ અનુભવ:-</u> ઇજનેરીમાં લાયકાત પછીના બે+ વર્ષનો કાર્ય અનુભવ તેમજ પ્લાન્ટ ઓપરેશન્સ અથવા મેડિકલ ડિવાઇસ અને ઑક્સીજન સિસ્ટમ્સ માન્યતા/મૂલ્યાંકન ઇચ્છનીય છે.<br><u>ઇચ્છનીય લાયકાત:-</u> (૧) એન્જીનિયરીંગ/એમ.બી.એ.માં પોસ્ટ- ગ્રેજ્યુએશન ઇચ્છનીય છે. કોઈપણ સંસ્થાની કોમ્પ્યુટર એપ્લીકેશનના મૂળભૂત જ્ઞાનનું પ્રમાણપત્ર (૨) સપ્લાય ચેઇન મેનેજમેન્ટનું જ્ઞાન એક અગ્રતા રહેશે. (૩) રાજ્ય, જીલ્લા અને હોસ્પિટલ સ્તરે યોગ્ય અમલીકરણ સંકલનની વિષયક જાણકારી હોવી જોઈએ. (૪) સંબંધિત ડેટા અને દસ્તાવેજો શોધવા માટે એમ.એસ.વર્ડ, એક્સેલ, પાવર પોઈન્ટ, આઉટલૂક અને વેબ સર્ફિંગ જેવા સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા પેકેજો સાથે ઉચ્ચ સ્તરની પરિચિતતા સાથે કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે. | ૨૨,૫૦૦/ (ફિક્સ) |
| ૨ | સ્ટાફ નર્સ (જગ્યા-૦૮) | એન.એચ .એમ | <u>આવશ્યક લાયકાત:-</u> (૧)ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલની માન્યતા પ્રાપ્ત સંસ્થામાથી બી.એસ.સી. નર્સિંગ અથવા ડિપ્લોમા ઇન જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરીનો કોર્ષ કરેલ હોવો જોઈએ.<br>(૨) ગુજરાત નર્સિંગ કાઉન્સેલીંગ/બોર્ડમાં રજીસ્ટ્રેશન કરેલું હોવું ફરજીયાત છે.<br>(૩) બેઝિક કોમ્પ્યુટરનું જ્ઞાન.<br>(૪) વય મર્યાદા વધુમાં વધુ ૪૦ વર્ષ રહેશે. | ૧૩,૦૦૦/ પ્રતિ માસ |

અધિક્ષકશ્રી, કોટેજ હોસ્પિટલ-ઉપલેટા

જાહેરાત/કો.હો./ઉપલેટા.